# શ્રમ અદાલત નં.૧ વડોદરાના પ્રમુખ અધિકારીશ્રી ડી.જે.ઠાકર સમક્ષ.

**રેફરન્સ(એલ.સી.વી) નં.૨૧૦/૨૦૨૧**
**આંક:–૧૩**

**પ્રથમ પક્ષકાર:– (૧) ઓટોમોટીવ સ્ટેમ્પીંગ એન્ડ એસેમ્બલીસ લી.**
સર્વે નં.૧૭૩, ખાખરીયા, તા.સાવલી, જી.વડોદરા, હાલોલ, સાવલી રોડ.

(૨) **TACO House**
**Plot No.20/B, FPN085, V.G.DamlePath,**
**Off law Collage Road, Erndwane, Pune (Maharastra)**

**–:: વિ રુ ઘ્ઘ ::–**

**બીજા પક્ષકાર:– શ્રી રસિક આર. ગોહીલ**
કે/ઓ. રાષ્ટ્રીય ઔદ્યોગિક કામદાર યુનિયન,
ડી ૭૯, વલ્લભટાઉનશીપ, લકુલેશ ૧ની પાછળ, આજવારોડ, વડોદરા.

હાજર રહયા:– પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ.યુ.પ્ર.શ્રી પિયુષ દણાંક
પ્રથમ પક્ષકાર નં.૨ તરફે : ગેરહાજર
બીજા પક્ષકાર તરફે : વિ.વ.શ્રી જયેશ વરીયા

**–:: એ વો ર્ડ ::–**

(૧) મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરીના તા.૧૭/૭/૨૦૨૧ ના હુકમ નંબર–કે.એચ./એસ. એચ./એમ.સી./વ/એ.જે./૧૦૧૦૧ થી શ્રી રસિક આર. ગોહીલને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહીત નોકરીમાં મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા કે કેમ ? તેનો ન્યાયનિર્ણય કરવા માટે અત્રેની અદાલતને રીફર કરવામાં આવેલ છે.

(૨) રેફરન્સ અત્રેની અદાલત સમક્ષ ન્યાય નિર્ણય માટે આવ્યા બાદ નોટીસ બજતા, આંક–૪ થી બીજા પક્ષકારે માંગણા નિવેદન રજુ કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧માં તા.૨/૫/૨૦૧૨ થી નોકરીમાં ઓપરેટર તરીકે જોડાયા હતા અને પ્રથમ પક્ષકાર સંસ્થા નં. ૧ની ઉત્પાદન પ્રક્રિયા પ્રમાણે ખુબ જ ખંત અને વફાદારી પુર્વકની ફરજની કામગીરી કરતા હતા અને તેઓ પ્રેશ ઓપરેટર તરીકેની કામગીરી કરતા હતા અને તેઓને માસિક રૂા.૨૪,૫૦૦/– પ્રમાણે માસિક પગાર પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ ચુકવતા હતા. પ્રથમ પક્ષકાર નં.૨ જે ટાટા ગ્રુપની તમામ કંપનીઓના વહીવટ કરતા છે તેમની મુખ્ય જવાબદારી હતી કે પ્રથમ પક્ષકાર સંસ્થા બંધ થયેથી અન્ય સંસ્થામાં બીજા પક્ષકારને અન્ય કાર્યરત સંસ્થામાં ફરજની સોંપણી કરે પરંતુ તેમ કરવામાં આવેલ ન હતું. પ્રથમ

પક્ષકાર સંસ્થા નં.૧માં બીજા પક્ષકાર સવારના ૬:૩૦ વાગ્યાથી બપોરના ૩:૦૦ કલાક સુધી તથા બીજી પાળી બપોરના ૩:૦૦ થી રાતના ૧૧:૩૦ સુધી તથા ત્રીજી પાળી રાતના ૧૧:૩૦ થી સવારના ૬:૩૦ સુધી ફરજની કામગીરી બજાવતા આવેલા હતા. પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ને વિવિધ મજુર કાયદાઓ લાગુ પડે છે અને લાગુ પડતા મજુર કાયદાઓ પ્રમાણે પગાર પાવતી, ઓળખકાર્ડ, હાજરી કાર્ડ વિગેરે લાભો પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧માં ઘણા વર્ષોથી નિયમિત પ્રકારનું કામ કરતા હોવા છતાં કોઈ પણ પ્રકારનો લાભ અમોને આપેલ તેમજ બીજા પક્ષકારની વર્ષો જુની નોકરી સમય દરમ્યાન કોઈ પણ જાતનો મેમો કે નોટીસ મળેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ જેઓ વડોદરા જીલ્લામાં આવેલ છે અને એન્જીનીયરીંગ ઉદ્યોગમાં સંકળાયેલી હોવાથી વિવિધ પ્રકારના ફોર વ્હીલના લગતા બોડીના પાર્ટસ બનાવવાનું ઉત્પાદન કરવામાં આવે છે. પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧માં કાયમી તથા કોન્ટ્રાકટના કામદારો આશરે ૨૫૦ જેટલા કામ કરે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ અને ૨નાએ તા.૩/૫/૨૦૨૧ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ અને છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર આપવામાં આવેલ નથી કે બીજા પક્ષકાર વિરુઘ્ધ કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ તા.૨૦/૫/૨૦૨૧ના રોજ લેખિત ફરીયાદ કરેલ તે સમય દરમ્યાન પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ તરફથી જવાબદાર અધિકારી હાજર ન રહેતા અને સમાધાન શકય ન જણાતા નામદાર સાહેબની કોર્ટમાં ન્યાય નિર્ણય અર્થે રેફરન્સ કરેલ. આમ, ઉપરોકત તમામ હકીકત ઘ્યાને લેતાં બીજા પક્ષકારને તા.૩/૫/૨૦૨૧ ના રોજથી પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત તથા મળવા પાત્ર આનુસાંગિક તમામ લાભો સાથે નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવા તથા રેફરન્સનો ખર્ચ રૂ.૧૦,૦૦૦/– પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ અને ૨ પાસેથી અપાવવા અરજ કરેલ છે.

(૩) બીજા પક્ષકારનુ માંગણા નિવેદન રજુ થયા બાદ, પ્રથમ પક્ષકાર નં.૧ના વિ.યુ.પ્ર.શ્રી હાજર રહી જવાબ રજુ કરેલ નથી.

સદર કામે પ્રથમ પક્ષકાર નં.૨ તરફે કોઈ હાજર રહી જવાબ રજુ કરેલ નથી.

(૪) બીજા પક્ષકારશ્રી રસીક આર. ગોહીલએ આંક–૭ થી મૌખિક પુરાવાનું સોગંદનામું રજુ કરેલ છે જેઓની ઉલટ તપાસ પ્રથમ પક્ષકાર નં.૧ના વિ.યુ.પ્ર.શ્રી પિયુષ દણાંકનાઓ દ્વારા કરવામાં આવેલ છે. બીજા પક્ષકારે તરફે આંક–૯ થી કલોઝીંગ પુરશીષ રજુ કરેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવો:–</u>**

બીજા પક્ષકાર તરફે આંક–૬ થી નીચે મુજબ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે.

| ક્રમ નંબર | વિગત |
|---|---|
| ૬/૧ | બીજા પક્ષકારને આપવામાં આવેલ આઈકાર્ડની નકલ |
| ૬/૨ | બીજા પક્ષકારને આપવામાં આવેલ પગાર સ્લીપની નકલ |
| ૬/૩ | એપોઈન્ટમેન્ટ લેટર |

**(૫)** પ્રથમ પક્ષકાર નં.૧ તરફે કોઈ મૌખિક પુરાવો રજુ રાખેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૧ તરફે આંક–૮ થી નીચે મુજબ દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે.

**<u>દસ્તાવેજી પુરાવો:–</u>**

| ક્રમ નંબર | વિગત | તારીખ |
|---|---|---|
| ૮/૧ | કંપની અને કામદારો વચ્ચે થયેલ સમાધાન જેના અનુક્રમ નં.....માં કામદારની સહી છે. | ૪/૫/૨૦૨૧ |
| ૮/૨ | કંપનીએ સંસ્થા બંધ કરી ત્યારે કામદારએ આપેલ નોટીસ તેમજ કાયદેસરના ચુકવણા ચુકવ્યા તે. | ૩/૫/૨૦૨૧ |
| ૮/૩ | કામદારને તા.૪/૫/૨૦૨૧ના સમાધાનથી વધુ સમાધાનની લહેણા ચુકવ્યા તે. | ૧૦/૫/૨૦૨૧ |

સદર કામે સામાવાળા નં.૧ તરફે આંક–૧૦ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે.

**(૬)** સદર કામે પક્ષકારોની દલીલો સાંભળી.

**(૭)** રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા પરથી હાલના રેફરન્સના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે ?

મુદદા નં.૧. શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, તેઓને પ્રથમ પક્ષકાર સંસ્થાનાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી પડેલા દિવસોના પગાર સહિત નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હકકદાર થાય છે ?

મુદદા નં.૨. આખરી શું હુકમ ?

**(૯)** ઉપરોકત મુદદાના અત્રેની અદાલતના નિર્ણય નીચેના કારણોસર નીચે મુજબ છે.

મુદદા નં.૧. નકારમાં

મુદદા નં.૨. આખરી હુકમ મુજબ.

## –:: કા ર ણો ::–

(૧૦) <u>મુદદા નં.૧ અને ૨ :–</u>

હાથ ઉપરનો કેસ અને પડેલા પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, બીજા પક્ષકારની એવી દલીલ છે કે,બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧માં તા.૨/૫/૨૦૧૨ થી નોકરીમાં ઓપરેટર તરીકે જોડાયા હતા અને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ની ઉત્પાદન પ્રક્રિયા પ્રમાણે ખુબ જ ખંત અને વફાદારી પુર્વકની ફરજની કામગીરી કરતા હતા અને તેઓ પ્રેશ ઓપરેટર તરીકેની કામગીરી કરતા હતા અને તેઓને માસિક રૂા.૨૪,૫૦૦/– પ્રમાણે માસિક પગાર પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ ચુકવતા હતા. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ અને ૨નાએ તા.૩/૫/૨૦૨૧ના રોજથી મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ અને છુટા કરતી વખતે કોઈ નોટીસ કે નોટીસ પગાર આપવામાં આવેલ નથી. સદર કામે પ્રથમ પક્ષકાર નં.૧ ની એવી દલીલ છે કે, તેઓએ બીજા પક્ષકારની તમામ હકીકતોને નકારેલ છે. બીજા પક્ષકારે કલોઝરને ચેલેન્જ કરેલ નથી. આ કોર્ટને તા.૩/૫/૨૦૨૧ના હુકમને લીગાલીટી અંગે કોઈ રાઈટ નથી. લેબર કોર્ટ ટમ ઓફ રેફરન્સની બહાર જઈ શકે નહી. આ રેફરન્સ તા.૩/૫/૨૦૨૧ના મૌખિક હુકમથી છુટા કર્યા અંગેનો છે. બીજા પક્ષકાર કોર્ટ સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી. તેઓએ કલોઝર, કલોઝરનું એકસેપ્ટન્સ અને કોમ્પેનસેશન તથા સેટલમેન્ટ અંગેની કોઈ હકીકત જણાવેલ નથી. આ સેટલમેન્ટ ડેપ્યુટી કમિશ્નરની હાજરીમાં થયેલ છે તે મુજબ તેઓને લીગલ ડયુઝ ચુકવેલ છે. કલોઝર અંગે કાયદા મુજબ કાર્યવાહી કરેલ છે. આ અંગે તમામ ઓથોરીટીને જાણ કરેલ છે. કલોઝર બાદ બીજા પક્ષકારની નીકળતી રકમ રૂબરૂ બોલાવી આપતા તેઓએ સ્વીકારેલ નહી. આ સેટલમેન્ટ તા.૪/૫/૨૦૨૧ના રોજ થયેલ અને આ સેટલમેન્ટ મુજબ સંસ્થાએ વધારાનું કોમ્પેનસેશન ચુકવવાનું હતું જે તેઓને ચુકવી આપેલ છે અને તે અંગે પક્ષકારોની સંમતિ આપેલ છે. આ કામે બીજા પક્ષકાર તરફે આંક–૬ થી દસ્તાવેજ રજુ કરેલ છે જે આઈકાર્ડ, પગાર સ્લીપ અને એપોઈન્ટમેન્ટ લેટર છે. જયારે પ્રથમ પક્ષકાર તરફે આંક–૮ થી દસ્તાવેજો રજુ કરેલ છે તે ઘ્યાને લઈએ તો, તા.૪/૫/૨૦૨૧ના રોજ કામદાર વચ્ચે થયેલ સમાધાન તેમજ તા.૧૦/૫/૨૦૨૧ ના રોજ પૈસા ચુકવ્યા અંગે છે. આ કામે બીજા પક્ષકારની ઉલટ તપાસ ઘ્યાને લઈએ તો તેમાં તેઓ જણાવે છે કે, મને આંક–૪ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં સહી મારી છે. નિ.૯/૧માં અનુક્રમ નં.૩૭ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તેમાં મારી સહી છે. મને નિ.૮/૨ અને ૩ બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે, તે પૈસા મને મળેલા છે. આમ, બીજા પક્ષકાર તેઓને પૈસા મળી ગયેલ હોવાની હકીકત રેકર્ડ પરના પુરાવા પરથી જણાય આવતી હોય, તેમજ સંસ્થા કલોઝર થઈ ગયેલ હોય

બીજા પક્ષકારે માંગેલ દાદ તેઓ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: આ ખ રી હુ ક મ ::-</u>**

બીજા પક્ષકારનો રેફરન્સ(એલ.સી.વી.) નં.૨૧૦/૨૦૨૧ નામંજુર કરવામાં આવે છે.

**(ધીરેન જગદીશભાઈ ઠાકર)**
**પ્રિસાઈડીંગ ઓફીસર**
**મજુર અદાલત (નં.૧), વડોદરા.**
**કોડ નં. જી.જે.૦૦૭૪૮**

**તારીખ : ૦૯/૦૪/૨૦૨૫**
**સ્થળ : વડોદરા.**
જે.એમ.ગાંધી